RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 80 Date: 10.01.2024 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## વડાપ્રધાન મોદીએ ટ્રેડ શોનું ઉદ્‌ઘાટન કર્યું, જય શ્રીરામના નારા લાગ્યા,વડાપ્રધાને વિવિધ સ્ટોલની મુલાકાત કરી

ગાંધીનગર,તા.૯

ગુજરાત ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૪ને લઈને ગાંધીનગરના મહાત્મા મંદિરમાં દેશ-વિદેશના વડા, મોટી કંપનીઓના સીઈઓ, ડેલિગેટ્સ આવી રહ્યા છે અને પીએમ નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળ્યા હતા. નરેન્દ્ર મોદીએ ટ્રેડ શોનું ઉદઘાટન કર્યું હતું, સાથે મોઝામ્બિકના રાષ્ટ્રપતિ પણ જોવા મળ્યા હતા. બન્ને નેતાએ સાથે ટ્રેડ શોમાં વિવિધ સ્ટોલોની મુલાકાત કરી હતી. ટ્રેડ શોમાં બુલેટ ટ્રેનનો સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. જ્યારે મોદી ટ્રેડ શોની મુલાકાત લેવા અંદર જઈ રહ્યા હતા ત્યારે અને બહાર આવ્યા ત્યારે જય શ્રીરામના નારા લાગ્યા હતા. આ ટ્રેડ શો ખૂબ જ આકર્ષક સ્ટોલ લગાવવામાં આવ્યા છે. જેમાં સુંદર પ્રદર્શન મુકવામાં આવ્યા છે. જેમાં એક આકર્ષક સ્ટોલ પીએમ વિશ્વકર્મા સ્ટોલ લગાવવામાં આવ્યો છે. જેમાં હસ્તકળા અને



અન્ય કલાકારોના તૈયાર થતા સામાનને લઈ ટ્રેડ શોના સ્ટોલમાં મુકવામાં આવેલ . અહીં મેં ભી વિશ્વકર્માના બેનરને પણ રાખવામાં આવ્યુ છે. વડાપ્રધાન મોદી પણ ટ્રેડ શોના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી મોદીએ સ્થાનિક કલાકારોએ તૈયાર કરેલ ચીજોને ખરીદવા અને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ ભાર મુક્યો છે. ૧૦૦ જેટલા વિઝિટિંગ દેશો, ૩૩ પાર્ટનર દેશો સામેલ થયા છે. ૨૦ દેશો પોતાના દેશના ઉદ્યોગોની માહિતી પ્રદર્શિત કરશે. સંશોધન ક્ષેત્રના ૧૦૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લેશે. તથા ૧૦-૧૧ જાન્યુઆરીએ બિઝનેસ વિઝિટર્સ મુલાકાત લઈ શકશે. તેમજ ગ્લોબલ ટ્રેડ શો ૧૨-૧૩ જાન્યુઆરીએ જાહેર જનતા માટે ખુલ્લો મુકાશે. ટ્રેડ શોમાં મેક ઈન ગુજરાત, આત્મનિર્ભર ભારતના સ્ટોલ છે. ટ્રેડ શોમાં એગ્રો, ફૂડ પ્રોસેસિંગનું પ્રદર્શન જોવા મળશે. ઓટો, સિરામિક, કેમિકલ, જેમ્સ એન્ડ જ્વેલરીનું પ્રદર્શન થશે.

ટ્રેડ શોના ઉદઘાટન બાદ નરેન્દ્ર મોદી ફરી રાજભવન પહોંચ્યા હતા. બાદમાં અમદાવાદ એરપોર્ટ પર યુએઈના રાષ્ટ્રપતિના સ્વાગત માટે પહોંચ્યા હતાં યુએઈના રાષ્ટ્રપતિ એરપોર્ટ પર આવી પહોંચતા મોદીએ તેમનું સ્વાગત કર્યું હતું મોદીએ તેમું ભેટીને સ્વાગત કર્યું હતું અહીં યુએઈના રાષ્ટ્પતિને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવી હતી અહીં બન્ને નેતાઓનો એરપોર્ટ સર્કલથી ઈન્દિરા સર્કલ સુધી રોડ શો યોજાયો હતો બંન્ને નેતાઓ એક કારમાં બેઠા હતાં ત્યારબાદ તેમનો કાફલો હતો અમદાવાદમાં પીએમ મોદીનો રોડ શો યોજાય તે પહેલા ગૃહરાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ સુરક્ષાની સમિક્ષા કરી હતી રોડ શો માટે ગાંધીનગરમાં કુલ ૫ સ્વાગત પોઈન્ટ તૈયાર કરવામાં આવ્યા હતાં . જેમાં નર્મદા કેનાલ, શંખ મંદિર, ગ્રીનલેન્ડ એપ્રોચ પાસે સ્વાગત પોઈન્ટ તૈયાર કરવામાં આવ્યા હતાં .

## અમે PM મોદી અંગેની આવી ટિપ્પણીનો સ્વીકાર કરીશું નહીં: માલદીવ વિવાદ પર વડાપ્રધાનના સમર્થનમાં ઉતર્યા શરદ પવાર



નવી દિલ્હી, તા. ૦૯

ભારત અને માલદીવ વચ્ચેનો વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. ત્યારે આ વચ્ચે દ્ગઝ્ર ચીફ શરદ પવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થનમાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર માલદીવના સાંસદની વાંધાજનક ટિપ્પણીથી માલદીવ સરકારને ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતમાં સામાન્ય જનતાથી લઈને દિગ્ગજ નેતાઓ પણ પોતાના દેશ અને પોતાના વડાપ્રધાનની પડખે ઊભેલા નજર આવી રહ્યા છેઆ વચ્ચે દ્ગઝ્ર ચીફ શરદ પવારે ઈન્ડિયા બ્લોક પાર્ટીઓની બેઠકમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે કહ્યું કે, તેઓ અમારા દેશના વડાપ્રધાન છે અને જો કોઈ બીજા દેશનું કોઈ પણ વ્યક્તિ અમારા પીએમ પર આવી ટિપ્પણી કરશે તો તે અમને સ્વીકાર્ય નથી. તેમણે આગળ કહ્યું કે, આપણે વડાપ્રધાનના પદનું સમ્માન કરવું જોઈએ. અમે દેશની બહારથી વડાપ્રધાન વિરુદ્ધ કંઈ પણ સ્વીકાર નહી કરીશું. વડાપ્રધાન મોદી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી મામલે ઈઝરાયેલથી લઈને બાંગ્લાદેશ સુધીના દેશોએ ભારતનું સમર્થન કર્યું છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એપીએમ ટર્મિનલ્સના સીઈઓ કીથ સ્વેન્ડસેન સાથે બેઠક યોજી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત નેધરલેન્ડની પોર્ટ ઓપરેટિંગ કંપની એપીએમ ટર્મિનલ્સના સીઈઓ શ્રી કીથ સ્વેન્ડસેન સાથે બેઠક યોજી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત મેરીટાઈમ ઈન્ડસ્ટ્રીમાં પ્રથમ સ્થાન ધરાવે છે અને ભારત સહિત વિશ્વની 'બ્લુ ઈકોનોમી'માં યોગદાન આપવામાં અગ્રણી તરીકે ઉભરી રહ્યું છે.સીઈઓ શ્રી કીથ સ્વેન્ડસેને મીટિંગ દરમિયાન પીપાવાવ પોર્ટ ખાતે કંપનીની કામગીરીના વિસ્તરણ અને અપગ્રેડેશન અંગે ચર્ચા કરી હતી. તેમણે છઁસ્ ટર્મિનલ્સે ૧૯૯૮માં ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ તરીકે ભારતના પ્રથમ ખાનગી બંદરની નોંધણી કરીને ગુજરાતમાં પ્રથમ સ્થાપના કરી હતી તેનો પણ ઉલ્લેખ કર્યો હતો. મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવ શ્રી કે. કૈલાસનાથન સહિત વરિષ્ઠ અધિકારીઓ આ મુલાકાત બેઠકમાં જોડાયા હતાં.

## વેપાર-ઉદ્યોગ-મૂડી રોકાણમાં વાઈબ્રન્ટ ગુજરાત નંબર વન છે, એમ પ્રાકૃતિક કૃષિમાં પણ નંબર-વન બનશે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી







વેપાર-ઉદ્યોગ-મૂડી રોકાણ; હર ક્ષેત્રમાં વાઈબ્રન્ટ ગુજરાત નંબર-વન છે, એમ આપણું ગુજરાત પ્રાકૃતિક કૃષિમાં પણ નંબર-વન બનશે. દેશ અને દુનિયા ગુજરાત પાસેથી પ્રેરણા મેળવે એ પ્રકારે ગુજરાત પ્રાકૃતિક ખેતીમાં અગ્રેસર થાય. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ગાંધીનગરમાં ભારતીય કિસાન સંઘના ખેડૂત ભાઈ-બહેનોને પ્રાકૃતિક ખેતી માટે પ્રતિબદ્ધ બનીને બે વર્ષમાં ગુજરાતને રાસાયણિક ખેતીમુક્ત-ઝેરમુક્ત રાજ્ય બનાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશના સંસ્થાપક સ્વ. જીવણદાદાની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે આજે ગાંધીનગરમાં યોજાયેલા સમારોહમાં સ્વ. જીવણદાદાના જીવન પર આધારિત સ્મરણિકા - 'કિસાન સમર્પિત એક જીવન' નું લોકાર્પણ કરાયું હતું. આ પુસ્તકનું વિમોચન કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સ્વ. જીવણદાદાએ પોતાનું સમગ્ર જીવન ભારતીય કિસાન સંઘના ખેડૂતોના કલ્યાણ માટે સમર્પિત કર્યું હતું. તેમનું જીવન સરળ, સાત્વિક અને રાષ્ટ્રીય ભાવનાથી ઓતપ્રોત હતું. ગુજરાતના ખેડૂતોની આવનારી પેઢી પણ મહાનાયક જીવણદાદાના જીવનમાંથી પ્રેરણા મેળવતી રહે એવું ઉમદા કામ આ સ્મરણિકાના પ્રકાશનથી થયું છે. જે અન્યના કલ્યાણ માટે જીવન જીવી જાય છે તે અમર થઈ જાય છે. મહાન કર્મયોગી જીવણદાદાનું જીવન તમામ ખેડૂતોને હંમેશા પ્રેરણા આપતું રહેશે.

આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના વાક્ય; ×કિસાન રાજાઓનો પણ રાજા છે× નું સ્મરણ કરતાં કહ્યું કે, ઔદ્યોગિક ક્રાંતિ, વિકાસ અને પ્રગતિની સાથોસાથ ખેતપેદાશ અને ખેત ઉત્પાદનનું પણ વિશેષ મહત્વ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા કહે છે કે, આત્મનિર્ભર ભારત માટે ખેડૂત આત્મનિર્ભર હોવો જોઈએ. ખેડૂતની ઉન્નતિ થશે તો રાષ્ટ્રની ઉન્નતિ થશે. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કિસાન ભાઈ-બહેનોને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગ્લોબલ વૉર્મિંગના વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવ્યા વિના છૂટકો નથી. રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઈડ્સના બેફામ ઉપયોગથી ભારતની ભૂમિ વેરાન થઈ ગઈ છે. જળવાયુ પ્રદૂષણ વધ્યું છે. ભૂમિ, હવા, પાણી અને ખેતપેદાશોથી આપણે ધીમું ઝેર લઈ રહ્યા છીએ. જો આમ જ ચાલ્યું તો આપણે આપણી આવનારી પેઢીને બિનઉપજાઉ-વેરાન જમીન વારસામાં આપીને જઈશું. તમામ સમસ્યાઓનું સમાધાન માત્ર અને માત્ર પ્રાકૃતિક ખેતી છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ઓછા ખર્ચે વધુ સારું અને વધુ પ્રમાણમાં ઉત્પાદન મળે છે. પર્યાવરણ પણ સુધરે છે. જળસંચય થાય છે. મિત્ર જીવો - કીટકોનું રક્ષણ થાય છે. ગાય માતાનું જતન અને સંવર્ધન થાય છે તથા ખેડૂતોની આવકમાં વૃદ્ધિ થાય છે. તેમણે સૌને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો હતો.

રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપી ભારતીય કિસાન સંઘ ખેડુતોનો સર્વાંગી વિકાસ કરવાનું કામ કરી રહ્યું છે, એમ કહી કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું હતું કે, ગુજરાત પ્રદેશમાં કિસાન સંઘની કેડી કંડારવાનું કામ જીવણભાઈ પટેલની અથાગ મહેનત થકી શક્ય બન્યું છે. આ સંઘ દ્વારા હમેંશા ખેડૂતોના પ્રશ્નોને વાચા આપીને ખેડૂતોને તેમના હિત માટે સરકાર સામે લડત લડવા સક્ષમ બનાવ્યા છે. જીવણદાદાએ સમગ્ર જીવન કિસાનોને સમર્પિત કર્યું હતું. ખેડૂતોને જગતનો તાત કહેવામાં આવે છે. હાલના સમયમાં ખેતીને ટકાવી રાખવા માટે તેમણે પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપવા અનુરોધ કર્યો હતો.

આ સરકારના શાસનમાં હરહંમેશ કિસાનહિતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, તેવું કહી કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ૨૦૪૭માં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ છે. આ સંકલ્પને સાકાર કરવા માટે ખેડૂતોની આવક બમણી કરવી ખૂબ જરૂરી છે. રાજ્ય સરકારે સમયની માંગ અનુસાર પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાની દિશામાં સુચારું આયોજન કર્યું છે. તેમજ પ્રાકૃતિક ખેતી વધે તે માટે સરકારે ગાય, ડ્રમ કે અન્ય જરૂરી ચીજવસ્તુઓ ખેડૂતો સરળતાથી લઈ શકે તે માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે. છેલ્લા ચાર વર્ષમાં રૂપિયા ૧૮ હજાર કરોડથી વધુના ખેતી પાકોની ખરીદી સરકારે ટેકાના ભાવથી કરી છે. તેમજ કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિઓમાં ખેડૂતોને થયેલા નુકશાનને સરભર કરવા માટે ૧૦ વર્ષમાં ૧૦ હજાર કરોડથી વધુની સહાય ચુકવામાં આવી છે.

## તંત્રી લેખ......

# હિન્દુ ધર્મ અને રાષ્ટ્રવાદ અંગે સ્વામી વિવેકાનંદના વિચારો

'ભારત અમર છે, જો તે ઈશ્વરની શોધ ચાલુ રાખશે તો. પણ જો તે રાજકારણ અને સામાજિક ઘર્ષણમાં પડશે તો મરી જશે' - જેના લોહીના દરેક કોષમાં રાષ્ટ્રવાદ સમાયેલો હતો તેવા, આપણે જેને ઈશ્વરતુલ્ય માનીએ છીએ એ મહાનતમ વિભૂતિ શ્રી સ્વામી વિવેકાનંદજીના જીવનના આ છેલ્લા શબ્દો હતા. માટે અન્ય ચર્ચાઓ, દલીલો કે હિન્દુ અને હિન્દુત્વના વિખવાદમાં પડ્યા વગર માત્ર તેમણે આપેલી અંતિમ સલાહનું પાલન કરીશું તો જ દેશનું કલ્યાણ થશે. એ જ સાચો રાષ્ટ્રવાદ ગણાશે. સ્વામીજીએ દેહત્યાગ કર્યો તે દિવસે બપોરે ભોજન બાદ તેમણે સન્યાસીઓ સાથે રાષ્ટ્રના ઉત્થાન અને પતન વિશે ચર્ચા દરમિયાન ઉપરોક્ત વાત કરી હતી.

વર્તમાન સમયે માત્ર ને માત્ર સત્તા મેળવવાના ઈરાદાથી હિન્દુ સમાજને જ્ઞાતિ-જાતિના ભાગલામાં અલગ અલગ વહેંચીને જે-તે વર્ગને પોતાની વોટબેંક બનાવવાના જે પેતરા વિપક્ષી ગઠબંધન કરી રહ્યું છે તે દેશ માટે ખતરનાક પૂરવાર થશે. અહીં તો હું નામ પણ લેવા માગતો નથી તેવા છૂટપૂટિયા નેતાઓ, બાપ સત્તા પર હોય એ રીતે મદદ મેળવી, પરિવારવાદ અને સંપત્તિના જોરે બની બેઠેલા કહેવાતા નેતાઓ જ્યારે હિન્દુ ધર્મ, હિન્દુત્વ, સનાતન ધર્મની વ્યાખ્યા કરે કે નકારાત્મક બોલે ત્યારે લોહી ઉકળી ઉઠે કે આટલી નીચતા! આટલી હલકટવૃત્તિ? માત્ર સત્તા ખાતર? અને એ પણ સેવાના કોઈ ભાવ વગર. માત્ર મેવા ખાવા સત્તાનો દુરુપયોગ કરી ભ્રષ્ટાચાર કરવા.

# મધ્ય




"આ શું જોયા કરે છે લેપટોપમાં?"

"ચિત્ર જોઉં છું."

"એમાં જોવાનું શું? "

"બસ એમ જ. ચિત્ર ઉકેલવાની કોશિશ કરું છું."

" હું મદદ કરું?"

" સાચે? તને ફાવશે?"

" તારા જેટલું સરસ તો નહીં, પણ.."

" ઓકે, બોલ. શું કહે છે આ ચિત્ર?"

" આ બધી જ અલગઅલગ આકૃતિઓ છેવટે એકમાં જ મળી જાય છે. ગમે તે ખૂણેથી શરૂ કર, અંતે તો મધ્યમાં જ પહોંચવાનું છે!"

" આ તો મનેય દેખાય છે. આમાં નવું શું કહ્યું?"

" તું ફક્ત આ મધ્ય ભાગ પર ફોકસ કર. પહોંચવાનું છે ત્યાં જ. હરીફરીને બધા ત્યાં જ આવશે, મારા સહિત."

"તારા સહિત? એટલે? તું અઘરું બોલે છે આજે!"

" ના. સાચું બોલું છું. રાહ ભટક્યો હતો, હવે ફરી એક વાર તારી પાસે આવ્યો છું. સ્વીકારશે ને મને?"

"સંકેતપ.."

" આજે મને બોલવા દે. તારો પ્રેમ ઓછો પડ્યો એમ નહીં કહું, કયાંક મારી અપેક્ષાઓ વધી ગઈ ને હું બીજેપ"

" આ તું હવે કહે છે?"

"ભૂલો પડ્યો હતો. આજે ભાન થયું કે મારું સ્થાન તો તારામાં જ છે."

" કેટલો સમય થયો ?"

" એક વર્ષ."

"....."
" મને માફ કરીશ?"

" સંકેત, તું, બે બાળકો અને આ ઘર - ચારેય ખૂણામાં પ્રસરી ગઈ હતી હું! મધ્યમાં જ નહી,મેં મારું અસ્તિત્વ ચોતરફ ફેલાવી દીધું હતું. તું ગયો હતો ને પાછો આવ્યો, હું તો ત્યાં જ હતી ને? "

" માનું છું, મારી ભૂલ થઈ. પણપ"


" મારું વર્તુળ તારાથી શરૂ થઈ તારામાં જ પૂરું થતું હતું. સમય સાથે એ પણ વિસ્તરતું ગયેલું. પણ હવે એ મસમોટા વર્તુળને નાના એવા બિંદુમાં ફેરવવાનો સમય આવી ગયો છે."

" બિંદુપ પ્લીઝપ. "

" એ જ ! મારા નામની સાર્થકતા શોધવાનો કદાચ આ જ યોગ્ય સમય છે. મધ્ય સુધી મારેય પહોંચવું જોઈએ ને?"

શ્રશ્રદ્ધા ભટ્ટ

પરિચય
શ્રદ્ધા ભટ્ટ,
ફૂલ ટાઈમ હોમ મેકર. પાર્ટ ટાઈમ વાર્તાકાર. ટૂંકી વાર્તા અને માઈક્રોફિક્શન લખું છું. ટૂંકી વાર્તાઓ વાર્તા સૃષ્ટિ, એતદ્, મમતા, શબ્દ સૃષ્ટિ, વારેવા જેવા સામયિકોમાં પ્રસિદ્ધ થઈ છે. સાહિત્ય ક્ષેત્રે ઉપલબ્ધિમાં વિનુ મર્ચન્ટ વાર્તા સ્પર્ધા, ૨૦૧૯ માં તૃતીય ક્રમ, રાષ્ટ્રીય સ્તરની વાર્તા સ્પર્ધા ૨૦૨૧ માં દ્વિતીય ક્રમ.



પરમ પૂજ્ય શ્રી વિસામણ બાપુ ની જગ્યા વિહળધામ પાળીયાદ ખાતે તા.૧૧/૦૧/૨૦૨૩ ને ગુરુવાર ના અમાસ દિવસે અયોધ્યા થી આવેલ પૂજિત અક્ષત (ચોખા) કળસ ને ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર ના દેવળ માં પધરાવવા માં આવશે તેમજ વિધિ વિધાન થી પૂજાવિધિ કરવામાં આવશે ત્યારબાદ મહાપ્રસાદ નું આયોજન રાખેલ છે...
આ કાર્યક્રમ માં જગ્યા ના મહંત પ. પૂ. શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા ઉનડબાપુ તેમજ પૂજ્ય શ્રી ભયલુબાપુ તેમજ બાળઠાકર શ્રી પૃથ્વીરાજબાપુ સહિત ઠાકર પરિવાર તેમજ બોટાદ જિલ્લા વિશ્વ હિન્દૂ પરિષદ , બજરંગ દળ , આર.એસ.એસ ના હોદેદારશ્રીઓ તેમજ બોટાદ અને પાળીયાદ ગામ ના આગેવાનશ્રીઓ વેપારીઓ ભાઈઓ તેમજ બહેનો ના મંડળો તેમજ વિહળ પરિવાર સેવક સમુદાય આ અમૂલ્ય લ્હાવો લેવા તેમજ અક્ષત કળસ ના દર્શન અને મસ્તક પર રાખી ધન્યતા અનુભવશે...

# ઓટીટી અને સોશિયલ મીડિયા માટે ઘડાયેલા કાયદામાં જરૂરી ફેરફારો કરવા કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણને મિત્તલ ખેતાણી દ્વારા રજૂઆત



ઓટીટી અને સોશિયલ મીડિયાના પરથી પ્રસારિત થતાં કાર્યક્રમમાં નવી ગાઈડલાઈન આવવા છતાં પણ ગંદી ગાળો અને અશ્લીલતાઓ ભરેલી વિકૃત સામગ્રીનો કચરો ઠલવાઈ રહ્યો છે,જે ચિંતાનો વિષય છે. આવા કાર્યક્રમને જોવાથી વ્યક્તિનાં માનસ પર વિકૃત અસર થાય છે. ઓટીટી પ્લેટફોર્મ્સ પર સેન્સર વિનાની અશ્લિલ સામગ્રીનું પ્રસારણ કરતી લગભગ ૫૦૦ એપ્લિકેશન્સ ઉભરી આવી છે, જે પરિવારમાં ગેરકાયદેસર સંબંધો પર આધારિત વિડિઓઝ અને ફિલ્મો બનાવે છે.ખાસ કરીને ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસારિત થતાં કાર્યક્રમ પર નિયમ ન આવ્યું હોવા છતાં હજુ ગંદી ગાળો,અશ્લીલતા અને વ્યભિચાર, માંસ મટન આરોગતા દ્રશ્યો, સુરુચિ ભંગ થાય તેવા દ્રશ્યો, સનાતન સંસ્કૃતિ વિરુદ્ધના દ્રશ્યો વગેરે ઘણું બધું સતત દર્શાવવામાં આવે છે. અમુક કાર્યક્રમો માતા-પુત્ર, સસરા-વહુ, દિયર-ભાભી, શિક્ષક-વિદ્યાર્થીનાં પવિત્ર સંબંધને વ્યભિચારનાં સ્વરૂપે દર્શાવે છે, જે ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધ છે. આ ઉપરાંત આવા કાર્યક્રમને જોવાથી વ્યક્તિનાં માનસ પર વિકૃત અસર થાય છે. ઓટીટી પર પ્રસારિત થતાં કાર્યક્રમની નવી ગાઈડલાઈનમાં ગંદી ગાળો અને અશ્લીલતાઓને શબ્દશઃ મંજૂરી આપવામાં આવી છે,જે ચિંતાનો વિષય છે. ઓટીટીનાં કારણોસર દેશમાં હિંસા, વ્યભિચાર, નારી હિંસા, ઘરેલુ હિંસા, યૌન શોષણ, તલાક જેવા કિસ્સાઓમાં વધારો થયો છે. જ્યાં નારીને પૂજવાની વાત કરવામાં આવે છે ત્યાં વ્યભિચાર દર્શાવીને તેનું ઓટીટી દ્વારા અપમાન કરવામાં આવે છે.

ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલયનાં માનદ સલાહકાર મિત્તલ ખેતાણી દ્વારા ઓટીટી પ્લેટફોર્મ પર નિયમન માટે અવારનવાર વિવિધ રજૂઆત કરવામાં આવી છે. આ અંગે પ્રધાનમંત્રી કાર્યાલયમાં પણ ફરિયાદ કરાયેલ અને રાઈટ ટુ ઈન્ફોર્મેશન અંતર્ગત પણ અનેક રજુઅતો કરાયેલ હતી. લગભગ ૧૫૦ થી વધારે સાંસદોને દિલ્લી રૂબરૂ જઈને, મળીને અન્ય જાગૃત ટીમ સાથે પણ સંકલન કરી આ અભિયાનને અગ્રેસર કરવા માટે પ્રયત્ન થયેલ. ઉલેખ્ખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા પણ આ વિશિષ્ઠ કામગીરી બદલ મિત્તલ ખેતાણીનું સન્માન 'સાંસ્કૃતિક યોદ્ધા' તરીકે સન્માન ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. ઓટીટી અને સોશિયલ મીડિયા પર બ્રોડકાસ્ટિંગ માટે નવા નિયમો લાગુ પડ્યા હોવા છતાં તેમાં જરૂરી ફેરફારો કરવા માટે 'બ્રોડકાસ્ટિંગ સર્વિસીસ બિલ – ૨૦૨૩' માં જરૂરી ફેરફારો કરવા કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણને સૂચનો મોકલાવ્યા છે. આ રજૂઆતને કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણને ધ્યાનથી સાંભળી આ વિષયમાં પોતાના તરફથી યથા યોગ્ય સહકારની ખાતરી આપી હતી. રજૂઆત સમયે યુવા અગ્રણી મનીષ ભટ્ટ, જીવદયા પ્રેમી અમિતભાઈ દેસાઈ પણ સાથે જોડાયા હતા.

# માનવ શાકાહારી કે માંસાહારી



માનવનાં હાડકા અને તેની શરીર રચનાનું અધ્યયન એ સિદ્ધ કરે છે કે માનવ શાકાહારી પ્રાણી છે. માનવ પ્રાણી અને શાકાહારી પ્રાણીમાં સામ્યતા તથા શાકાહારી પ્રાણી અને માંસાહારી પ્રાણીમાં અંતર 'માનવ માંસાહારી પ્રાણી નહિ પરંતુ શાકાહારી પ્રાણી છે' એ સ્પષ્ટ કરે છે. શાકાહારી અને માંસાહારી પ્રાણીઓ માં નીચે મુજબ મુખ્ય અંતર છે.
૧) શાકાહારી પ્રાણીઓનાં આંતરડાની લંબાઈ તેની લંબાઈ કરતા ચાર ગણી વધારે હોય છે અને માંસાહારી પ્રાણીઓનાં આંતરડાની લંબાઈ તેની લંબાઈ જેટલી હોય છે.
૨) માંસાહારી પ્રાણીઓમાં દાંત (રાક્ષસી દાંત) મોટા અને ખૂબ તીક્ષ્ણ હોય છે માનવનાં દાંત નાના હોય છે.
૩) માનવીની લાળ આલ્કલાઈન છે. તેમાં ટાઈલિન નામનો રસ છે જે શર્કરાને પચાવવામાં મદદ કરે છે. માંસાહારી પ્રાણીઓની લાળ એસીડીક છે.
૪) માનવ જઠરનો સ્ત્રાવ માંસ ભક્ષક પ્રાણીઓનાં જઠરના સ્ત્રાવ કરતા પા ભાગ જેટલો જ એસિડિક છે માંસાહારી પ્રાણીઓનાં જઠરનો સ્ત્રાવ અતિ એસિડિક છે, કારણ કે તેમને અતિ પ્રોટીનયુકત માંસનું પાચન કરવાનું હોય છે.
૫) માનવીનાં હાથનાં નખ માંસાહારી પ્રાણીઓનાં નખ કરતા ખુબ જ નાના હોય છે. માંસાહારી પ્રાણીઓને માંસ ભક્ષણ માટે લાંબા અને અણીદાર નખની જરૂર રહે છે.
૬) માનવીનાં યકૃતમાંથી ખૂબ જ ઓછા પ્રમાણમાં બાઈલનો સ્ત્રાવ ઝરે છે. પરંતુ માંસાહારી પ્રાણીઓને અતિ ચરબીયુકત માંસનું પાચન કરવાની જરૂર હોવાને કારણે તેમનું યકૃત ખૂબ જ વધારે માત્રામાં બાઈલનું નિર્માણ કરે છે.
૭) દરેક માંસાહારી પ્રાણી જીભથી પાણી પીવે છે. જ્યારે શાકાહારી હોઠથી પાણી પીવે છે.
જેમ કે સિંહ માંસાહારી પ્રાણી છે બાહ્ય રૂપ શકિતશાળી હોવા છતાં તે જલ્દી થાકી જાય છે. તે ક્રોધી સ્વભાવનો હોય છે. હાથી શાકાહારી પ્રાણી છે પણ તે વધારે શકિતશાળી અને સહનશીલ હોય છે.
-મિતલ ખેતાણી

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં માર્ગદર્શન મુજબ

# અયોધ્યામાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામ પુનઃસ્થાપના શુભ પ્રસંગે દરેક ઘરોમાં ગાયના છાણથી બનેલા ચાર દીવા પ્રગટાવવા જોઈએ – ગિરીશ શાહ



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં માર્ગદર્શન મુજબ અયોધ્યામાં મર્યાદાપુરુષોત્તમ ભગવાન રામ પુનઃસ્થાપના શુભ પ્રસંગે દરેક ઘરોમાં ગાયના છાણથી બનેલા ચાર દીવા પ્રગટાવવા જોઈએ. ગાયનાં છાણ પવિત્ર હોય છે. છાણ દ્વારા લીપેલાં ઘરોમાં પ્લેગ, કોલેરા વગેરે જેવા ભયંકર રોગો થતા નથી. યુદ્ધનાં સમયે ગાયનાં છાણથી લીપેલાં મકાનો પર બોંબની પણ એટલી અસર થતી નથી જેટલી સિમેન્ટ વગેરેથી બનાવેલાં મકાનો પર થાય છે. ગાયનાં છાણમાં ઝેર ખેંચી લેવાની વિશેષ શક્તિ હોય છે. આ સાથે ભારતની ચારેય સરહદોની સુરક્ષા અને જળ સંરક્ષણ, જમીન સંરક્ષણ, વન સંરક્ષણ, પશુ સંરક્ષણ સંકલ્પ કરવો પડશે તેવું ભારત સરકારનાં એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય અને સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહે આહ્વાન કર્યું છે. સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે. ૧૯૯૬નાં દાયકાના અંતમાં, ચમત્કાર જેવી ઘટનાએ ગિરીશભાઈનાં જીવનનો માર્ગ બદલી નાખ્યો. ગિરીશભાઈને ત્રણ જૈન સાધુઓએ જુદા જુદા પ્રસંગે ગૌરક્ષા અને પશુ કલ્યાણ ક્ષેત્રે પોતાનું યોગદાન આપવાની સલાહ આપી. સમસ્ત મહાજને ઓગસ્ટ, ૨૦૦૨માં કામ કરવાનું શરૂ કર્યું હતું. સમસ્ત મહાજનનાં મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહે એક સૂત્ર સાથે આગળ વધવાનું શરૂ કર્યું, ×સેવા અને રક્ષણ કરો×. ૨૨ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધસામાજિક કાર્યો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. ગિરીશભાઈ શાહ વર્તમાન સમયમાં જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ગિરીશભાઈના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઈન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય – ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં માર્ગદર્શન મુજબ અયોધ્યામાં મર્યાદાપુરુષોત્તમ ભગવાન રામ પુનઃસ્થાપના શુભ પ્રસંગે દરેક ઘરોમાં ગાયના છાણથી બનેલા ચાર દીવા પ્રગટાવવા માટે ગોબરનાં દીવડા સમસ્ત મહાજન દ્વારા ૨૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી ગોયમ ઓર્ગેનિક, સિક્કા નગર, વી. પી. રોડ, મુંબઈ ખાતે વિનામુલ્યે પ્રાપ્ત કરી શકાશે.

## દેશ ની એક તકલીફ...?સાહેબ!!

# ભ્રસ્ટાચાર બધા ને રોકવો છે...? પણ પોતાનું કામ ક્યાં અટકવા નથી દેવું...?

ડાંગ : ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ભ્રષ્ટાચાર સામે કોણ અવાજ ઉઠાવશે ?



ડાંગ જિલ્લા નાં વઘઈ તાલુકા પંચાયત નાં ભ્રષ્ટાચાર માં વધારો થતો જાય છે. કારણે કે વઘઈ તાલુકા પંચાયત નાં તાલુકા વિકાસ અધિકારી કે તાલુકા પંચાયત પ્રમુખ વહીવટદાર, તાલુકા ઈજનેર ( જ ઼ ) નેં વારંવાર રજૂઆત કરવામાં આવ્યું છતાં દગડપાડા પંચાયત નાં ખીરમાણી ગામ નાં નાળા માં સુધારો થયો નથી. આ કામગીરી ચાલુ કરનાર કોણ ? આ કામ ચાલુ કરવામાં આવ્યું છે. તો ઈજનેર (જં) આશિષ ભોયે અને વહીવટદાર.હષિદા પટેલ જેવા કેટલા દિવસ આ કામ માં નજર નાખી છે.

નાળા નાં કામ માં નખરી વેઠ ઉતારેલ છે.પાયા નુ પણ ખોદકામ નથી. જમીન પર મુકી દેવામાં આવેલ છતાં પાયામાં પીસીસી પણ કરવામાં આવેલ નથી.માત્ર ને માત્ર માટીનું પુરાણ કરી રહ્યા છે.

એના માટે એક જાગૃત નાગરિકે તાલુકા વિકાસ અધિકારી ઈનચાર્જ એવાં સુવાસ ગંવાડે નેં મોખીક રજુઆત કરવામાં આવી છે કે ખીરમાણી ગામે નાળા ની કામગીરી માં માટી થી પુરાણ કરવાં આવે કે પછી પાયામાં પીસીસી કરવામાં આવે છે. ત્યારે તરતજ તાલુકા વિકાસ અધિકારી એ તાલુકા પંચાયત નાં ઈનજેર એવાં આશિષ ભોંયે ને બોલાવતાં એમને જણાવ્યું કે દરેક જગ્યાએ નાળા નાં કામ માં પાયામાં ??

પીસીસી કરવાનાં એસ્ટીમેન્ટ હોય છે. એમ જણાવતાં છતાં પણ વઘઈ તાલુકા વિકાસ અધિકારી ઈનચાર્જ જેવાં એ કોઈ પગલાં લેવા આવ્યો નથી. તો શું ભ્રષ્ટાચાર માં રસ ? કે પછી વિકાસ માં રસ. ?? એસ્ટીમેન્ટ મુજબ કામગીરી થવા જોઈએ તેના જગ્યા પાયાનાં રૂપિયા કાપવાની વાતો કરે છે.વઘઈ તાલુકા વિકાસ અધિકારી સુવાસ ગંવાડે ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના વિકાસ નાં લગતાં વિવિધ પ્રકારના કામો માં જીલ્લા વિકાસ અધિકારી કે જીલ્લા કલેકટર એવાં તળિયા ઝાટક તપાસ હાથ ધરવામાં આવશે તો વઘઈ તાલુકા નો વિકાસ રસ્તે દોડતો નજરે પડશે એમાં કોઈ બેમત નથી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOG SS No.201

વિષય : રાખનાં રમકડાં
શિર્ષક : માટીનું રમકડું
પ્રકાર: મૌલિક કાવ્ય

પૃથ્વીલોકમાં અગમનિગમનાં ખેલમાં,
પંચતત્વોનાં સંયોગથી રમતું રમકડું.

ધરીને દેહ રાગ અને દ્વેષમાં અટવાતું,
સમજણ પામી પરિપક્વ બનતું રમકડું.

ઈચ્છા અને તૃષ્ણાઓ મનમાં લઈ ફરતું,
કામનાઓની પાંખે સવાર રહેતું રમકડું.

ઘડીએ ઘડીએ સ્વપ્નલોકમાં પહોંચતું,
સમયનાં વહેણમાં જ અટવાતું રમકડું.

માટીનું બનેલું અંતે રાખ બનતું રમકડું,
રાખ બનીને ફરી માટીમાં ભળતું રમકડું.

? પૂર્વી સુનીલ પટેલ."ઈશાની" વલસાડ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO 166

પ્રકાર:-પદ્ય(કાવ્ય રચના)
વિષય:- "મકરસંક્રાતી (ઉત્તરાયણ) "
શિર્ષક :- " પ્રેમની પતંગ" શબ્દ:- ૧૧૫
પ્રેમની પતંગ ઉડાડું છું હું, પ્રેમની દોરી પતંગને બાંધીને,
દિલમાં આનંદ અનુભવું છું હું, પ્રેમના સપના સજાવીને.

ધીરે ધીરે દોરી સરકાવું છું હું, સુંદર ઉડતી પતંગ નિહાળીને,
પ્રેમનો પેચ લડાવું છું હું, મારી પતંગથી દૂર જતાં ડરી જઈને.

આમ તેમ ગુલાંટ ખવડાવું છું હું, મારી પતંગ સાથે લપટાવીને,
પ્રેમથી હવામાં લહેરાવું છું હું, મારી પતંગનું મિલન કરાવીને.

મનાવું છું પ્રેમના ઠુમકાથી હું, તેની નફરતને પ્રેમમાં પલટાવીને,
સુરજને મલકતો નિહાળું છું હું, પ્રેમના પેચની જીત નિહાળીને.

ધીરે ધીરે નીચે ઉતારૂં છું હું, મારા પ્રેમનો અહેસાસ કરાવીને,
પ્રીતની દોરી બાંધું છું "મુરલી", મારા દિલમાં કાયમ સમાવીને.
રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO : : 184

વિષય : : મકરસંક્રાતિ ચ ઉત્તરાયણ્
પ્રકાર : : ગધ - શબ્દ : : ૩૫૦
શીર્ષક : : ઊજવીએ પણ જીવાડીએ

ઉત્તરાયણ ચ મકરસંક્રાતિ્ એટલે અવકાશમાં પતંગોનો મહોત્સવ ! ૧૪મી જાન્યુઆરીએ ઉત્તરાયણ ઉજવાય છે. પતંગ અને દોરીના આ ઉમંગ-ઉત્સાહ -જોશ-દોડાદોડીથી કેટલા બધા અકસ્માત સર્જાય છે , કેટલી બહેનોના ભાઈ - કેટલી માતાના પુત્ર - કેટલા પરિવારના આધારસ્તંભના ગળા કપાય છે . કેટલા બધા અબોલ જીવો ચ પંખીઓ ખાસ કરીને ભોળા અને નિર્દોષ કબૂતર્ દોરીની ગૂંચ , હવામાં ખેંચાતી દોરીઓ , ચારે બાજુ ભરાઈ રહેલી દોરીમાં ફસાઈ જવાથી અકાળે મૃત્યુ પામે છે અથવા બહુ ખરાબ રીતે ઘાયલ થાય છે . આપણે બોલી શકીએ છીએ , આપણી વેદના વ્યક્ત કરી શકીએ છીએ . અબોલ જીવ મૂંગાં મોઢે બધું સહન કરે છે - રડે છે - વેદના સહ્યે જાય છે ; આપણી મજાની સજા એ ભોગવે છે .

આ પતંગોત્સવ દરમિયાન આપણી મજાની બીજા કોઈને સજા ન મળે તે માટે આટલી તકેદારી રાખો .

ચાઈનીઝ તુક્કલનો અને ચાઈનીઝ દોરીનો ઉપયોગ ના કરવો . કારણ કે એના વેક્સને કારણે આગ લાગે , જાનમાલને નુકસાન થાય છે.

પક્ષીઓના રહેઠાણ ચ માળા-ઘર -ચબૂતરા્ પર ઉત્તરાયણના એક દિવસ પહેલાંથી એમને ખાવા માટે અનાજ તથા પીવા માટે પાણી મૂકવું ; જેથી ઉત્તરાયણના દિવસે પક્ષીઓ બહાર ના નીકળે અને એમને કોઈ જ ઈજા ના થાય .

પતંગ દોરીથી પક્ષીઓને ઘાયલ થતાં બચાવવાના ભાગરૂપે સવારે ૯.૦૦ વાગ્યા પહેલાં અને સાંજે ૫.૦૦ વાગ્યા પછી પતંગ ના ઉડાવવા .

પક્ષીઓ દોરીમાં ફસાય નહીં તેના માટે દોરી પર કાચ ના ઘસાવો , અગાશી પર કે આજુબાજુમાં દોરીના ગુચ્છા ના થવા દો , તમારી આજુબાજુમાંથી તેમ જ ઝાડ પરથી દોરીના ગુચ્છાનો નિકાલ કરો .

જીવદયા સંલગ્ન સંસ્થાઓના નંબરની જાણકારી રાખીને પોતાના સ્ટેટસમાં મૂકવી જેથી કૉલ કરીને ઘાયલ થયેલા અબોલ જીવોની સારવાર થઈ શકે .

ખાસ કરીને ટુવ્હીલર પર ફરવાનું ટાળો , દોરી ભરાવાથી ગળું કપાય છે .

ઈલેક્ટ્રીક કે ટેલિફોનના તાર પર ફસાયેલા પતંગ મેળવવા તાર પર લંગર નાખી કે લાંબી વાંસ કે લોખંડની પટ્ટી વડે પતંગ કાઢવાનો પ્રયત્ન ન કરવો જોઈએ . અમુક વખતે કરંટ પણ લાગવાની ઘટના સામે આવે છે

મોટા અવાજમાં મ્યુઝિક સિસ્ટમ વગાડવી નહીં. પશુપંખી -શ્વાનની - સાંભળવાની ક્ષમતા માણસ કરતાં ચાર ગણી હોય છે , આવા અવાજોથી એમને બહેરાશ આવી શકે .

જાહેરમાં પશુઓને ઘાસચારો નાંખવો નહીં કારણ કે ચારેબાજુ પડેલી / ફેલાતી / ચગાવાતી / કપાતી / ભરાતી દોરીઓના કારણે ઈજા થાય છે .

બીજા દિવસે દેખાય એટલી દોરીઓને સળગાવી નાખો .

હસમુખ.બી.પટેલ ' હર્ષ ' શ્ર ' પરખ '

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### [NOG SS NO : 210

પ્રકાર:- ,પદ્ય(કાવ્ય રચના)
વિષય:- ઉતરાયણ
શિર્ષક :- "ઉતરાયણ" શબ્દો: ૮૪
રંગીન પતંગો ને સથવારે ઝૂમી રહ્યું છે ગગન.
હવાની લહેરો સંગ થયું મારું મન મગન.

વહેલી સવારે ધાબા ઉપર સહુને એકજ લગન.
કોણ કાપશે આજે કોનો પતંગ.

દૂર વૃક્ષ પર બેઠેલા સહુ ખગનું વિચલિત મન,
ક્યાંક તેજ દોરાઓથી થાય ના મારું પતન.

અગાશી પણ રંગીન બની પતંગોની સંગ,
ચશ્મા અને ટોપીઓ એ પણ રાખ્યો પોતાનો રંગ.

કાયપો છે ના નાદ સાથે ધાબે માનવ મહેરામણ અપાર,
તો જીવદયા વાળાની સડક પર લાગી કતાર,
કે ક્યાંક મનુષ્યના આ ઉત્સવમાં, મુક વિહંગના શ્વાસ નો ટૂટે ના કોઈ તાર.

બ્રિજલ કે. દેસાઈ (સાલેજ,ગણદેવી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### *NOG SS No.167..*

★ગદ્ય. મકરસંક્રાંતિ..ઉત્તરાયણ★
★શિર્ષક... ચિક્કી★ ★શબ્દો...૧૨૫★

"અરે! ગોલુભાઈ ક્યાં ખોવાય ગયા? આ તમારી મીઠ્ઠી મધ જેવી ચિક્કી ખરીદવા માટે ગ્રાહકોની લાઈન લાગી છે. ગોલુભાઈ તમે માનો ન માનો પણ તમારી દરેક પ્રકારની ચિક્કી એ લોકોને ઘેલું લગાડ્યું છે."

"હા, હા, તમારી વાત સાચી છે. હું જરા અતિતમાં આંટો મારવા નીકળી ગયો હતો. આ વિવિધ પ્રકારની ચિક્કી જેવો જ મારો સંઘર્ષ છે. પણ એ તમને નહીં સમજાય."

ગોલુભાઈ વળી અતિતમાં ખોવાય ગયા. ગોલુભાઈ પાંચેક વરસના હતા. બાપા સાથે ચિક્કી ખરીદવા નીકળ્યા હતા. બાપા મારે પણ સિંગની, ડાળીયાની, તલની, મમરાની ચિક્કી ખાવી છે. તમે મને અપાવશે ને?" "હા, બેટા અપાવીશ." ચિક્કીવાળાની દુકાને પહોંચ્યા. ગોલુભાઈએ મનપસંદ ચિક્કી હાથમાં લીધી, તેણે બાપાને કઈક મૂંઝવણમાં જોયા અને સમજી ગયા કે બાપા પાસે બધી ચિક્કી ખરીદવાના પૈસા નથી. "બાપા મારે ખાલી મામરાની જ ચિક્કી લેવી છે એ મને બહુ ભાવે છે."

ગોલુભાઈએ મનમાં સંકલ્પ કર્યો કે ભવિષ્ય બધી ચિક્કી ખરીદીશ અને લોકોને મારા હાથની બનાવેલી ચિક્કી ખવડાવીશ. ગોલુભાઈનો સંઘર્ષ ચાલુ થયો આજે ખૂબ મોટી કહી શકાય એવી ચિક્કીની દુકાન છે. ગોલુભાઈનો નિયમ છે કે મારા બાપા પૈસા નહીં હોવાથી મારા માટે ચિક્કી ખરીદી નહોતા શક્યા એમ મારી દુકાનેથી કોઈ પૈસાના વાંકે ચિક્કી લીધા વગર પાછું નહીં જાય. ગોલુભાઈની ચિક્કી મકારસંક્રાન્તિ એજ નહીં બારે માસ વહેંચાય છે. એ પણ ગોલુભાઈની ચિક્કીના નામથી.

ગોલુભાઈના મુખ પર સંઘર્ષગાથા યાદ આવતા એક હળવી મુશ્કાન આવી ગઈ. ગ્રાહકોની લાઈન ઘટવાનું નામ નહોતી લેતી.
★નરેન્દ્ર ત્રિવેદી.......★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NGG SS No. : 209

વિષય: ઊતરાયણ, મકરસંક્રાંતિ
શિર્ષક : ખીહર .પ્રકાર: પદ્ય
શબ્દો:૧૨૪..લેખિકા : સુધા જે. પુરોહિત

ઉતરદિશામાં ગતિ સૂર્યની,બને ઊતરાયણ મકરમાં પ્રવેશ સૂર્યનો,થાય મકરસંક્રાંતિ
સૂર્યનાં ભ્રમણથી,રચાય ઋતુઓનું ચક્ર
હેમંતની થતી વિદાય,શિશિરનું આગમન
દાન પુણ્યનો અવસર,બનતો ઊતરાયણ
તલ મમરાનાં લાડું,બનતી સીંગની ચીકી
બને ખીચડો,ઘંઉં બાજરાનો,અપાતું દાન
બોર, શેરડીનો સ્વાદ,લેવાય ઊતરાયણમાં
આકાશમાં પૂરાય રંગોળી,પતંગની ઊડાનથી
ગાંડા બને જનજન, આવે આનંદ ઊતરાયણનો
કાયપો,કાયપો,શોર સંભળાય ઊતરાયણમાં
થતી તડામાર તૈયારી,એવો લ્હાવો ઊતરાયણનો
ઈચ્છા મૃત્યું જેને વર્યું,ભીષ્મ જોતાં વાટ
આભાર - નિહારીકા રવિયા ઊતરાયણની
ધનઘડી ધન ભાગ,એવા આ ઊતરાયણ,અવસરનાં
પાવન પવિત્ર તહેવારનો,,ઉત્સવ અનેરો ઊજવાય
'સુધા'કરે વધામણાં,આ પવિત્ર પાવન તહેવારનો
તારા તો નામ છે અનેક પણ તહેવાર
છે એક સંક્રાંતિથી સૌ જાણે, આંન્ધ્ર
હોય કે ગુજરાત,કે તેલગાણાં કે કર્ણાટક
પોંગલ નામે તામિલનાડુંમાં ઓળખાય,
માઘી નામથી ઉજવે પંજાબ, ઊતરાયણ
નામમાં વિવિધતા, તહેવાર એક ઉતરાયણ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG.ss No. 213

વિષય :- ઉત્તરાણ આવી.
પ્રકાર :- પદ્ય (ગેય કાવ્ય)
શીર્ષક :- ઉત્તરાણ આવી હોલે હોલે
શબ્દો :- ૨૪૦
નામ : કવિશ્રી યોગેશભાઇ પંડયા 'સ્વજન' જૂનાગઢ.

પ..ઉત્તરાણ આવી હોલે હોલે પ..

ઉત્તરાણ આવી હોલે હોલે, તનડું મનડું ડોલે ડોલે,
રવિ મકરમાં ભાગે ભાગે, ગગને પતંગ ઊડે ઊડે.

તલના લાડુ ભાવે ભાવે, ગોળની ચીકી ખાવે ખાવે,
ખાટે બેઠી ગોરી મલકે, સૂરજ તપે, ટાઢ ઊડે ઊડે.

વાલો મારો રિસામણે, બોલાવું તો, ન આવે આવે,
ઊંધિયાનો સ્વાદ ચખાડ્યો, પ્રિતમાં જાણે ઊડે ઊડે.

કોઈ દાન કરે, કોઈ ધ્યાન કરે, હાથ ફેલાવી માંગે માંગે,
પ્રભુની જો કૃપા ઉતરે, વિમાને બેસી, તે ઊડે ઊડે.

અંતરપટના દ્વાર ખૂલ્લે તો, શ્યામજી આવે, વેલો વેલો,
પંચત્વ પતંગને ઊડાન આપી, પ્રભુ તું કયાં ઊડે ઊડે ?

શયામનો પતંગ 'સ્વજન' છે, આનંદ ઉઠે લહેરે લહેરે,
પ્રભુ નામનો દોરો પકડે તો, ગગને સુરત ઊડે ઊડે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO: 170

વિષય: મકર સંક્રાંતિ
પ્રકાર : ગદ્ય વાર્તા
શબ્દો : ૨૦૬
★સંક્રાંત★

હજી ગઈ મકર સંક્રાંતિએ જ ગિરા અને ગૌતમ મળ્યા ને કમૂર્તા ઉતરતાં જ વેલેન્ટાઇન ડે એ લગ્ન ગ્રંથિથી જોડાયા હતાં. બન્ને ઘર પરિવાર બધાં જ ખુશ હતાં પણ કોણ જાણે કેમ ગિરા ગૌતમ બન્ને વચ્ચેના સંબંધ ખોટકાયા. વડીલોએ બહુ જેહમત કરી પણ .... આખરે બન્નેને થોડો સમય એકલા રહેવા દેવાનું સર્વાનુમતે નક્કી કરાયું. મમ્મી ક્યારેક ગિરાને પૂછતી પણ ગિરા અબોલા હોય તેમ મુક બની રહેતી.

પતિ પત્ની વચ્ચેની વાતથી સહુ અજાણ હતાં. ગિરાની મમ્મી ક્યારેક કહી દેતી કે એમને સંક્રાંતિ નડી છે! તો ગિરાના પપ્પા ગિરાને માથે હાથ ફેરવીને કહેતા કે: 'મારી ગિરા તો ખૂબ હોશિયાર છે. ગમે તેવી સંક્રાંતિ હશે પણ એનું મારી ગિરા આગળ કંઈ ન ચાલે !'

આમને આમ એક બે મહિના વીતી ગયા. એક દિવસ અચાનક ગૌતમ , ગિરાને મળવા આવ્યો. આગ્રહ કરી એને બહાર પાર્કમાં લઈ ગયો. કલાકો સુધી ત્યાં બેસી એકબીજાની માફી માંગી આંખોમાં આંખ પરોવી આંસુ સારતા રહ્યાં. પછી બન્ને પહેલી જ વાર મળ્યા હોય તેમ હાથ પકડી પાર્કના એક ખૂણે બેસી ચકલાની જેમ ચાંચો પરોવતાં રહ્યા. બહાર આવી લારી પર તીખી તમતમતી પાણી પૂરી ખાઈને સિસકારો બોલાવતા રહ્યા. મોડી સાંજે પાછા ફર્યા ત્યારે બન્નેના ચહેરા પર સ્મિત અને હાથોમાં હાથ હતાં. સંક્રાંત ઉઠી ચૂકી હતી. ને, ગિરાના પપ્પા બોલ્યા : ' હાશ, મારી ગિરાનો પતંગ ચગ્યો ખરો !'

-- વિનયકુમાર મહેતા. બારડોલી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO : 173

વિષય" મકર સંક્રાંતિ ( ઉત્તરાયણ)
પ્રકાર- ગદ્ય.શબ્દો :૨૯૩

પ્રિયમાં પ્રિય તહેવાર એટલે ઉતરાયણ(મકરસંક્રાતિ)! પતંગોનો મહોત્સવ! પ્રતિ વર્ષ આપણે જાન્યુઆરીની ચૌદમી તારીખે ઉત્તરાયણનો તહેવાર ઉજવીએ છીએ , એની મજા લૂંટીએ છીએ. ખાસ કરીને આપણે ભૌગોલિક દૃષ્ટિએ જોવા જઈએ તો ૨૨ મી ડિસેમ્બરથી જ સૂર્યઉતર દિશા તરફ ખસવા માંડે એટલે કે સૂર્યનું ઉત્તરાયણ ૨૨ મી ડિસેમ્બરથી જ થાય છે. દેશના ઘણાં ભાગોમાં મકર સંક્રાંતિ યાત્રાના સમયને દર્શાવે છે. ઉત્તર પ્રદેશમાં તે કુંભ મેલાની શરૂઆત છે, જ્યારે કેરાલામાં તે શબિરલાલાનો અંત છે.

મકરસંક્રાંતિ એ હિન્દુ ધર્મનો મુખ્ય તહેવાર માંથી એક છે. જ્યારે ભગવાન સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે મકરસંક્રાંતિ ઉજવવામાં આવે છે. આ તહેવાર અંગ્રેજી કેલેન્ડર મુજબ ૧૪ જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે. પરંતુ ક્યારેક આ તહેવાર ૧૫ જાન્યુઆરીએ પણ આવે છે. સૂર્ય ક્યારે ધનરાશિ છોડીને મકર રાશિમાં પ્રવેશ કરશે તેના પર નિર્ભર છે. આ દિવસે સૂર્યની ઉત્તરાયણની ગતિ શરૂ થાય છે અને આ કારણે તેને ઉત્તરાયણ પણ કહેવામાં આવે છે..

આ તહેવાર ભારત ઉપરાંત ચીન, નેપાળ, ભુતાનમાં પણ ધામધુમથી ઉજવાય છે. નેપાળમાં મકર સંક્રાંતિ ખૂબ લોકપ્રિય છે . ઉત્તરાયણ નાં દિવસે સૂરજ માથાની સીધી દિશાથી એકદમ દક્ષિણ દિશા તરફ હોય છે. ઉત્તરાયણ (ઉત્તર+અયન) નો શાબ્દિક અર્થ છે . ઉતરાયણ નાં સમયે સૂર્ય પૃ?વી આજુબાજુની પોતાની પરિભ્રમણ ની દિશામાં પરિવર્તન કરી થોડો-થોડો ઉત્તર દિશા તરફ ખસતો જાય છે. આમ, સૂર્ય ઉત્તર તરફ ખસવાનુ ચાલુ કરે તે દિવસને ઉત્તરાયણ અથવા મકરસંક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તરાયણનો પ્રારંભ ૨૧ થી ૨૨ ડીસેમ્બર થી થાય છે.

ગુજરાત અને ભારતના ઘણા વિસ્તારોમાં તો આ દિવસે પતંગ ચગાવી આ પર્વને ઊજવે છે. આજે ઉત્તરાયણનો પર્યાય પતંગ બની ગયો છે..

આજની વાત કરીએ તો આજે ચીનથી લઈને કોરિયા સુધી અને સમગ્ર એશિયામાં પણ જુદા જુદા પ્રકારની પતંગો પ્રચલિત થઈ છે અને પતંગ ઉડાવવા પાછળના વિવિધ સાંસ્કૃતિક હેતુઓ પણ જોડાવા લાગ્યા છે.

મકર સંક્રાંતિ ઉત્તરાયણથી અલગ હોય છે. સૂર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં સ્થાનાંતર કરે તેને સંક્રાંતિ કહે છે.
- ડો. દક્ષા જોશી 'નિર્ઝરા' ગુજરાત.

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૮૭ અને ચાંદીમાં રૂ.૨૧૩નો સુધારો: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૨૪ની વૃદ્ધિ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે રૂ.૨૮,૬૯૬.૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૮૫૨.૭૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૧૮૩૯.૯૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૧૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૪૦૦ અને નીચામાં રૂ.૬૨,૧૪૯ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮૭ વધી રૂ.૬૨,૩૮૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૮ વધી રૂ.૫૦,૪૦૦ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯ વધી રૂ.૬,૧૪૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૪ વધી રૂ.૬૨,૩૮૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૫૯૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૯૯૯ અને નીચામાં રૂ.૭૨,૩૧૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧૩ વધી રૂ.૭૨,૬૪૦ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૦૪ વધી રૂ.૭૨,૬૯૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૦૨ વધી રૂ.૭૨,૬૯૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ જાન્યુઆરી વાયદો રૂ.૭૨૨.૯૫ના ભાવે ખૂલી, રૂ.૦.૭૫ વધી રૂ.૭૨૧.૧૦ જ્યારે એલ્યુમિનિયમ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ વધી રૂ.૨૦૩.૮૫ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૫ વધી રૂ.૨૨૫ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૫ વધી રૂ.૨૦૪ સીસુ-મિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ વધી રૂ.૧૮૨.૬૫ જસત-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧.૪૦ વધી રૂ.૨૨૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૯૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૯૩ અને નીચામાં રૂ.૫,૮૬૯ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨૪ વધી રૂ.૫,૯૮૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૨૪ વધી રૂ.૫,૯૯૧ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩૯ના ભાવે ખૂલી, રૂ.૧૨ વધી રૂ.૨૪૮.૭૦ અને નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૧.૭ વધી રૂ.૨૪૮.૩ બોલાઈ રહ્યો હતો.


કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૦૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૦૬૦ અને નીચામાં રૂ.૫૫,૬૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨૦ વધી રૂ.૫૫,૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૩૦ વધી રૂ.૯૨૮.૫૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૧૭૬.૨૩ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૭૯.૮૦ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪૭૫.૦૯ કરોડનાં ૧૭,૫૮૮ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૬૧૫.૮૪ કરોડનાં ૭૬,૯૫૪ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૨૮.૩૪ કરોડનાં ૧,૯૩૭ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૧૧.૯૨ કરોડનાં ૧૯૭ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૨૬૨.૬૪ કરોડનાં ૧,૪૫૫ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૩૩.૩૩ કરોડનાં ૩,૯૮૬ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૫.૧૦ કરોડનાં ૧૯ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૫.૬૯ કરોડનાં ૧૭૦ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૪.૦૪ કરોડનાં ૫૦ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૧૭ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૬,૧૫૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૪૦ અને નીચામાં ૧૬,૧૨૩ બોલાઈ, ૧૧૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૯ પોઈન્ટ વધી ૧૬,૧૭૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૧૮૩૯.૯૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૦.૫૦ અને નીચામાં રૂ.૮૬.૯૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૧.૮૦ વધી રૂ.૧૨૭.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૯.૭૫ અને નીચામાં રૂ.૧૩.૫૦ રહી, અંતે રૂ.૭.૧૦ વધી રૂ.૧૯.૩૦ થયો હતો.

# વેપાર-ઉદ્યોગ-મૂડી રોકાણમાં વાઈબ્રન્ટ ગુજરાત નંબર વન છે, એમ પ્રાકૃતિક કૃષિમાં પણ નંબર-વન બનશે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી





**ભારતીય કિસાન સંઘના સ્વ. જીવણદાદાની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગરમાં સ્મરણિકા - 'કિસાન સમર્પિત એક જીવન' નું લોકાર્પણ કરાયું**

**--------------------**

**રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપી ભારતીય કિસાન સંઘ ખેડુતોનો સર્વાંગી વિકાસ કરવાનું કામ કરી રહ્યું છે : કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલ★ : ★નાણા અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ**

વેપાર-ઉદ્યોગ-મૂડી રોકાણ; હર ક્ષેત્રમાં વાઈબ્રન્ટ ગુજરાત નંબર-વન છે, એમ આપણું ગુજરાત પ્રાકૃતિક કૃષિમાં પણ નંબર-વન બનશે. દેશ અને દુનિયા ગુજરાત પાસેથી પ્રેરણા મેળવે એ પ્રકારે ગુજરાત પ્રાકૃતિક ખેતીમાં અગ્રેસર થાય. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ગાંધીનગરમાં ભારતીય કિસાન સંઘના ખેડૂત ભાઈ-બહેનોને પ્રાકૃતિક ખેતી માટે પ્રતિબદ્ધ બનીને બે વર્ષમાં ગુજરાતને રાસાયણિક ખેતીમુક્ત-ઝેરમુક્ત રાજ્ય બનાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશના સંસ્થાપક સ્વ. જીવણદાદાની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે આજે ગાંધીનગરમાં યોજાયેલા સમારોહમાં સ્વ. જીવણદાદાના જીવન પર આધારિત સ્મરણિકા - 'કિસાન સમર્પિત એક જીવન' નું લોકાર્પણ કરાયું હતું. આ પુસ્તકનું વિમોચન કરતાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સ્વ. જીવણદાદાએ પોતાનું સમગ્ર જીવન ભારતીય કિસાન સંઘના ખેડૂતોના કલ્યાણ માટે સમર્પિત કર્યું હતું. તેમનું જીવન સરળ, સાત્વિક અને રાષ્ટ્રીય ભાવનાથી ઓતપ્રોત હતું. ગુજરાતના ખેડૂતોની આવનારી પેઢી પણ મહાનાયક જીવણદાદાના જીવનમાંથી પ્રેરણા મેળવતી રહે એવું ઉમદા કામ આ સ્મરણિકાના પ્રકાશનથી થયું છે. જે અન્યના કલ્યાણ માટે જીવન જીવી જાય છે તે અમર થઈ જાય છે. મહાન કર્મયોગી જીવણદાદાનું જીવન તમામ ખેડૂતોને હંમેશા પ્રેરણા આપતું રહેશે. તા. ૯મી જાન્યુઆરી; જીવણદાદાના નિર્વાણ દિન નિમિત્તેગાંધીનગરમાં મેડિકલ કોલેજ હોલ, સેક્ટર ૧૨ માં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યના નાણા અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને કૃષિ-ગ્રામવિકાસ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના વાક્ય; ×કિસાન રાજાઓનો પણ રાજા છે× નું સ્મરણ કરતાં કહ્યું કે, ઔદ્યોગિક ક્રાંતિ, વિકાસ અને પ્રગતિની સાથોસાથ ખેતપેદાશ અને ખેત ઉત્પાદનનું પણ વિશેષ મહત્વ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા કહે છે કે, આત્મનિર્ભર ભારત માટે ખેડૂત આત્મનિર્ભર હોવો જોઈએ. ખેડૂતની ઉન્નતિ થશે તો રાષ્ટ્રની ઉન્નતિ થશે. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કિસાન ભાઈ-બહેનોને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગ્લોબલ વૉર્મિંગના વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવ્યા વિના છૂટકો નથી. રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઇડ્સના બેફામ ઉપયોગથી ભારતની ભૂમિ વેરાન થઈ ગઈ છે. જળવાયુ પ્રદૂષણ વધ્યું છે. ભૂમિ, હવા, પાણી અને ખેતપેદાશોથી આપણે ધીમું ઝેર લઈ રહ્યા છીએ. જો આમ જ ચાલ્યું તો આપણે આપણી આવનારી પેઢીને બિનઉપજાઉ-વેરાન જમીન વારસામાં આપીને જઈશું. તમામ સમસ્યાઓનું સમાધાન માત્ર અને માત્ર પ્રાકૃતિક ખેતી છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ઓછા ખર્ચે વધુ સારું અને વધુ પ્રમાણમાં ઉત્પાદન મળે છે. પર્યાવરણ પણ સુધરે છે. જળસંચય થાય છે. મિત્ર જીવો - કીટકોનું રક્ષણ થાય છે. ગાય માતાનું જતન અને સંવર્ધન થાય છે તથા ખેડૂતોની આવકમાં વૃદ્ધિ થાય છે. તેમણે સૌને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો હતો. રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપી ભારતીય કિસાન સંઘ ખેડુતોનો સર્વાંગી વિકાસ કરવાનું કામ કરી રહ્યું છે, એમ કહી કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું હતું કે, ગુજરાત પ્રદેશમાં કિસાન સંઘની કેડી કંડારવાનું કામ જીવણભાઈ પટેલની અથાગ મહેનત થકી શક્ય બન્યું છે. આ સંઘ દ્વારા હમેંશા ખેડૂતોના પ્રશ્નોને વાચા આપીને ખેડૂતોને તેમના હિત માટે સરકાર સામે લડત લડવા સક્ષમ બનાવ્યા છે. જીવણદાદાએ સમગ્ર જીવન કિસાનોને સમર્પિત કર્યું હતું. ખેડૂતોને જગતનો તાત કહેવામાં આવે છે. હાલના સમયમાં ખેતીને ટકાવી રાખવા માટે તેમણે પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપવા અનુરોધ કર્યો હતો.આ સરકારના શાસનમાં હરહંમેશ કિસાનહિતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, તેવું કહી કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ૨૦૪૭માં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ છે. આ સંકલ્પને સાકાર કરવા માટે ખેડૂતોની આવક બમણી કરવી ખૂબ જરૂરી છે. રાજ્ય સરકારે સમયની માંગ અનુસાર પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાની દિશામાં સુચારું આયોજન કર્યુંછે. તેમજ પ્રાકૃતિક ખેતી વધે તે માટે સરકારે ગાય, ડ્રમ કે અન્ય જરૂરી ચીજવસ્તુઓ ખેડૂતો સરળતાથી લઇ શકે તે માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે. છેલ્લા ચાર વર્ષમાં રૂપિયા ૧૮ હજાર કરોડથી વધુના ખેતી પાકોની ખરીદી સરકારે ટેકાના ભાવથી કરી છે. તેમજ કમોસમી વરસાદ, અતિવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિઓમાં ખેડૂતોને થયેલા નુકશાનને સરભર કરવા માટે ૧૦ વર્ષમાં ૧૦ હજાર કરોડથી વધુની સહાય ચુકવામાં આવી છે.





**જસદણ ના કાળાસર ગામના રહેવાસી પરબતભાઈ ભડણિયા અને કૈલાસબેન ભડણિયા ની સુપુત્રી ખુશ્બુ ભડણિયા પહોંચી તમિલનાડુ. ખુશ્બુ જવાહર નવોદય વિદ્યાલય રાજકોટમાં ભણે છે ત્યાંથી ધોરણ સાતમાં તે વોલીબોલમાં કલસ્ટર, રિજનલ અને નેશનલ માટે સિલેક્ટ થઈ પણ કોવિડ ૧૯ ના કારણે તે બંધ રહ્યું છતાં પણ ખુશ્બુ એ હાર ન માની અને ફરીથી પ્રયાસ કર્યો તો ધોરણ આઠ માં ફરી કલસ્ટર, રજીનલ અને નેશનલમાં કઠિન સમસ્યાઓનો સામનો કરતી હુઈ આગળ વધી અને નેશનલમાં તે આખા ભારતની જવાહર નવોદય વિદ્યાલય કે સાથ રમી તેમાંથી અંડર- ૧૭ માં ૯૬ છોકરીઓમાંથી ૧૨ છોકરીઓ જીય્હેં માટે સિલેક્ટ કરવાની હતી. તેમાંની ૧૨માંથી બે છોકરીઓ ગુજરાતની સિલેક્ટ થઈ તેમાની એક ખુશ્બુ ભડણિયા છે. તે તેમના માતા પિતાનું ,ભડણીયા પરિવારનું , ગામનું , કુળનું ,તાલુકાનું જિલ્લાનું અને રાજ્યનું નામ રોશન કરતી હુઈ હવે જીય્હેં માં આખા ભારત સાથે રમવા પહોંચી તમિલનાડુ કે તિરૂચિરાપલ્લી મેં.**

# આવેદનપત્ર "

**પ્રતિ શ્રી માનનીય પોલીસ કમિશનર સાહેબ.પોલીસ કમિશનર કચેરી રાજકોટ. પ્રતિ શ્રી ગાંધી ગ્રામ પોલીસ સ્ટેશન રાજકોટ.**

**બાબત:રાજકોટ ખાતે ગત રાત્રે થયેલા બ્રાહ્મણ પરિવાર ના યુવાન સુરજ ઠાકર ના હત્યારા ઓ ન કડક માં કડક કાર્યવાહી તથા જાહેર સરઘસ કાઢી કાયદા નું ભાન કરાવવા માંગણી.**

**નમસ્કારજય ભારત સાથ જણાવાનું કે તાજેતરમાં ગત રાત્રી ના ગાંધી ગ્રામ વિસ્તારમાં બ્રાહ્મણ પરિવાર ના યુવાન સુરજ ઠાકર ની નિર્મમ હત્યા કરનારાઓને ફાંસી ની સજા થવી જોઈએ સાથે કડક માં કડક કાર્યવાહી કરવામાં આવે અને વ્યાજખોરોના આંતકી માનસિકતા ધરાવતા હોય એવા આવા તત્વો ને સરઘસ કાઢી એમની ધોલાઈ થવી જોઈએ જેથી સમાજ માં આવા તત્વો નો ભય પોલીસ દ્વારા નષ્ટ થઈ જાય. રાજકોટ ખાતે ગાંધી ગ્રામ માં લાખનાં બંગલા નજીક થયેલા બનાવે માં ગુનેગારને કાયદા નું ભાન કરવો "ખાખી નો રંગ" બતાવો... ઉપરોક્ત લેખીત રજૂઆત ને યોગ્ય કાર્યવાહી દ્વારા નિવારણ અસ્તું જય હિન્દ.**

**લી..જગદીશ રાવલ**

# અમદાવાદ સ્થિત કહોડા પાટીદાર પાટીદાર સમાજનો ૧૬ મો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો



સિદ્ધપુર નજીક કહોડા ગામના અમદાવાદ સ્થાયી થયેલા પાટીદાર સમાજના પ્રતિ વર્ષ સ્નેહમિલન સમારંભ યોજી તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ વિગેરે પ્રવૃત્તિઓ કરે છે.

આમ ચાલુ સાલે ૧૬ મો સ્નેહમિલન સમારંભ ડાયનોસર પાર્ક, રૈયોલી તા.બાલાસિનૉર ખાતે યોજેલ. જેમાં કહોડા ગામના ૨૨૫ થી વધુ કુટુંબોએ ભાગ લઈ દિવસભર વિવિધ કાર્યક્રમો કર્યા હતા.આમ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકો તેમજ તેજસ્વી તારલાઓને પટેલ મણિલાલ મોહનલાલ પટેલ તરફથી ઈનામો નુ વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે દિલીપભાઈ મફતલાલ પટેલના સૌજન્યથી ભોજન વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા તેમજ સંચાલન પ્રહલાદભાઈ ,રાજેશભાઈ, વિનુભાઈ, સંજયભાઈ ,તેમજ હસમુખભાઈ દ્વારા કરવામાં આવી હતી.

બાળકો તેમજ બહેનો માટે સંગીત ખુરશી, યુવાનો માટે રસ્સા-ખેંચ તેમજ અનેક અવનવી ગેમની સ્પર્ધા કરવામાં આવી હતી. જેનું સમગ્ર આયોજન હિરેનભાઈ પટેલ તેમજ ચિરાગભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# નખત્રાણામાં ઘેર ઘેર જઈ અયોધ્યાથી આવેલ પુજીત અક્ષત આમંત્રણ અપાયું

મહેશ એલ. સોની

નખત્રાણા



અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ લોકો ના હૈયામાં હરખ સમાતો નથી અયોધ્યા ખાતે રામ મંદિર ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે નખત્રાણા ના નગરજનોને ઘેર ઘેર જઈ અયોધ્યાથી આવેલ પુજીત અક્ષત દ્વારા અયોધ્યા શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માંપધારવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.નખત્રાણાના વિવિધ વિસ્તારોમાં વિશ્ર્વ હિન્દુ પરિષદ,રાષ્ટ્રિય સેવક સંઘના કાર્યકરો , અન્ય સંસ્થાના કાર્યકરો, અગ્રણીઓ તેમજ શ્રી આશાપુરા ગરબી મંડળની બહેનો દ્વારા ઘેર ઘેર જઈ ચોખા વડે નગરવાસીઓને અમંત્રણ આપતા જુની ચોખા વડે આ આમંત્રણ આપવાની સંસ્કૃતિની ફરી તાજી થઈ હતી.બાળકોએ પણ રામ, લક્ષમણ, માતા જાનકી, ભગવાન શિવની વેશભૂષા ધારણ કરી આકર્ષણ જમાવ્યું હતું.

# જ્ઞાતિના યુવાનોને એકજૂથ કરવા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન







પ્રશ્નોરા નાગર જ્ઞાતિની સાતમી ક્રિકેટ ટુર્નામેન્ટ ભાવનગરના રેલ્વે ગ્રાઉન્ડ ઉપર તારીખ ૬ અને ૭ તારીખે યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં અમદાવાદ, બરોડા, ભાવનગર, ગાંધીનગર, રાજકોટ અને મુંબઈના તમામ ખેલાડીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. મહિમ્ન ગ્રુપના મેધા પંડ્યા ભટ્ટ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી જ્ઞાતિના યુવાનો એક જૂથ થઈ શકે તે હેતુથી આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેઓ પોતે એક જાણીતા પત્રકાર અને લેખિકા છે.

કોરોના કાળ બાદ ત્રણ વર્ષના અંતરાલ પછી યોજાયેલ મહીમ્ન ગ્રુપ ની પ્રશ્નોરા નાગર જ્ઞાતિની આ ટુર્નામેન્ટમાં કુલ સાત ટીમ ઉતરી હતી .જેમાં અમદાવાદી એક્કા અને ભાવનગર ટાઈટન્સ ફાઈનલમાં પહોંચી હતી. આ મેચ ૧૪ ઓવરની હતી, જેમાં ભાવનગર ટાઈટન્સ ૭ વિકેટની સાથે વિજેતા બની હતી. આ પ્રસંગે જ્ઞાતિના અહિચ્છત્ર સંસ્કાર મંડળના પ્રમુખ જાનકીબેન પંડ્યા, ટ્રસ્ટી જયેશ ભટ્ટ અને ટ્રોફીના સ્પોન્સર કિરણભાઈ ભટ્ટ તેમજ મહિમ્ન ગ્રુપના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ટ્રાન્સપોર્ટરની હડતાલ બીલકુલ નથી ખટારા વાળાની હડતાલનું બહાનું કાઢી ડુંગળીમા ખેડુતોને? લૂટવાની જાદુગરી રમત

ટ્રાન્સપોર્ટરની હડતાલ બીલકુલ નથી ખટારા વાળાની હડતાલનું બહાનું કાઢી ડુંગળીમા ખેડુતોને? લૂટવાની જાદુગરી રમત છે પણ દુખની વાત એ છે કે યાર્ડ વાળા કે બીજા કોઈ બે ત્રણ લીટીની જાહેરત કરે કે તરત દસ મીનીટમા જીલ્લાના તમામ ખેડુતોને ખબર પડી જાય અને ચુચના ન આપે ત્યાં સુધી એક પણ ખેડુત યાર્ડમા માલ વેચવા આવે નહિ. ખેડુત ભાઈઓ આપડે તમામ બીજા કે તો માલ નથી વેચતા તો આપડે ખુદ તમામ ખેત પેદાશો,દુધ,શાકભાજીદેશી દાખલો:- એક ખેડુત એક હજાર મણ ડુંગળી ૩૦૦ મા? વેચે તો ત્રણ લાખની થાય અને તેમાથી અડધી બગડી જાય અને ૫૦૦ મણ ડુંગળી આઠ દિવસ પછી ખેતરે આવીને કાકા કહીને ૧૦૦૦ એક હજારમા લઈ જાય તો પાંચ લાખની થાઈ તે નક્કી



**રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર પુન:પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અયોધ્યા ખાતે તારીખ ૨૨ /૧ /૨૦૨૪ ના રોજ ભગવાન રામ લલ્લા પુન:પ્રાણ પ્રતિષ્ઠા આયોજિત થનાર છે જેના અનુસંધાને આજરોજ અક્ષતરૂપી આમંત્રણ કાર્યક્રમ પાટણ જિલ્લાના ચંદ્રુમાણા ગામે ગામ રામજી મંદિર ખાતે ભવ્ય ઉત્સવ ઉજવવા નું આયોજન રાખેલ છે તે નિમિત્તે ગામમાં પ્રત્યેક ઘેર આમંત્રણ પહોંચાડવાનું આયોજ ન કરવામાં આવ્યું .જેમાં નીતિનભાઈ વ્યાસ દ્.ર્. નરસંગજી. વિનુભાઈ એલ પટેલ ..દરબાર બળદેવજી નવીનભાઈ દરજી.હરગોવનભાઈ દરજી. ખુશાલભાઈ પ્રજાપતિ અનિરુદ્ધભાઈ વ્યાસ. રામજી મંદિરના પૂજારી રામદાસ સાધુ .અજીતભાઈ દવે .સંજયભાઈ આર પટેલ વગેરે કાર્યકર્તાઓએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો**

# પાલનપુર પોસ્ટ ઓફિસ ખાતે આગામી ૨૨ મી જાન્યુઆરીએ પેન્શન અદાલતનું આયોજન યોજાશે

પેન્શનને લગતા પ્રશ્નોનાં નિરાકરણ માટે અધીક્ષક ડાકઘર, બનાસકાંઠા ડીવીઝન, પાલનપુર ની કચેરી ખાતે આગામી તારીખ ૨૨ મી જાન્યુઆરીના રોજ ૧૧:૩૦ કલાકે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવેલ છે .આ અદાલતમાં નીતિવિષયક મુદ્દા સિવાયની, ફક્ત બનાસકાંઠા ડીવીઝન પાલનપુરની ઓફિસને લગતી પોસ્ટલ પેન્શનના અન્ય મુદ્દાઓ સબંધિત ફરિયાદો સાંભળીને નિકાલ કરવામાં આવશે .પેન્શનને લગતી અદાલતમાં રજૂ કરવાની ફરિયાદો અધીક્ષક ડાકઘર, બનાસકાંઠા ડીવીઝન, પાલનપુર-૩૮૫૦૦૧ નેમોડામાં મોડી તારીખ ૧૭ જાન્યુઆરી સમય ૧૮:૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદા બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહી. ફરિયાદ સ્પષ્ટ અને મુદ્દાસર હોવી જરૂરી છે. નીતિવિષયક આધારિત મુદ્દાઓની સુનાવણી હાથ ઉપર લેવામાં આવશે નહીં. તદુપરાંત ફરિયાદની અરજીમાં એક કરતાં વધારે મુદ્દા કે વિષયનો સમાવેશ હોવો જોઈએ નહી એવું અધીક્ષક ડાકઘર, બનાસકાંઠા ડીવીઝન, પાલનપુરની અખબારીયાદીમાં જણાવ્યુ છે.



# તપોવન સ્કૂલ ના વિદ્યાર્થી ઓએ શ્રી ગીતા પ્રેરણા સ્પધોમાં સિધ્ધિ હાંસલ કરી...

શિક્ષણ ની સાથે સાથે બાળકોમા સંસ્કારો નું સિચન કરતી તપોવન સ્કુલ ખાતે સત પ્રેરણા દ્વારા યોજાયેલ ×શ્રી ગીતા પ્રેરણા સ્ટેટ લેવલ ઈન્ટર સ્કૂલ કોમ્પિટેશન ઈન ગુજરાત×મા તપોવન સ્કૂલ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જે સ્પર્ધા માં તપોવન સ્કુલ ના વિધાર્થીઓએ પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરી શાળા પરિવારને ગૌરવ અપાવતાં સ્કુલ સંચાલક હાર્દિકભાઈ રાવલ સહિત સમગ્ર શાળા પરિવારે પ્રથમ - દ્વિતીય - તૃતીય નંબર પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને મેડલ તથા સર્ટિફિકેટ આપી સન્માનિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ




**અખિલ ગુજરાત હાર્ડવેર એસોસિએશન ના ૨૫ વર્ષ પૂરા થયેલ ની ઉજવણી ને વાર્ષિક મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું ને સાથે બ્લડ ડોનેશન કેમ્પ નું પણ આયોજન પણ કરવામાં આવ્યું હતું ને સૌ વેપારી મિત્રો એ ઉત્સાહ સાથે ભાગ લીધેલ ને આયોજન ને સફળ બનાવેલ**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.